સુવિચાર : વિશ્વાસ કરવાને હજી લાયક થયો નથી, બસ એ જ કારણે હજી એ માણસ થયો નથી - જીજ્ઞા ત્રિવેદી

તાપમાન
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૯૨ | ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; ભાદરવા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- સુરક્ષાના મામલે સમાધાન કરાશે નહીં : રાજનાથસિંહ
- ફુગાવો સંપૂર્ણ કાબુ હેઠળ છે અને વિકાસ દર વધશે : જેટલી
- પ્રસિદ્ધ અજમેર શરીફ ખાતે બોમ્બની અફવાથી ભાગદોડ
- મોદી ખૂબ જ મુશ્કેલ નિર્ણય લેવામાં પણ સક્ષમ : જેટલી
- નરેન્દ્ર મોદી રાજમાં ખેડૂતોની આત્મહત્યાઓ વધી : રાહુલ
- કાળા નાણાં ધરાવનાર સામે ૩૦મી પછી કાર્યવાહી - સીબીડીટીના ચેરમેન
- અંકુશ રેખા ઉપર યુદ્ધવિરામ જાળવવાના મામલે સમજુતી
- વર્ષ ૧૯૪૮માં ચીનમાં સુભાષચંદ્ર જીવિત હતા
- બિહાર : બીજા ચરણ માટે ઉમેદવારી પ્રક્રિયા શરૂ
- યુપી સહિતના રાજ્યમાં વીજ પુરવઠો ખોરવાય તેવા સંકેત

# અનામત નિતીની સમીક્ષા જરૂરી : મોહન ભાગવત

### અનામતની કોને-કોને જરૂર છે અને કેટલા સમય સુધી જરૂર છે તે સંદર્ભમાં ચકાસણી કરવા માટે એક કમિટિની રચના કરવા માટેનું ભાગવતનું સુચન




નવી દિલ્હી, તા. ૨૧

ગુજરાતમાં પાટીદાર સમુદાયના અનામત આંદોલનને લઈને જોરદાર વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે ત્યારે આરએસએસના વડા મોહન ભાગવતે અનામત નીતિની સમીક્ષા માટેની વાત કરીને એક નવી ચર્ચા છેડી દીધી છે. આવનાર દિવસોમાં આને લઈને પણ રાજકીય પક્ષોમાં ચર્ચા રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. આરએસએસના વડા મોહન ભાગવતે આ વાત એવા સમયે કરી છે જ્યારે પાટીદાર અનામત આંદોલનને લઈને દેશભરમાં એક નવી ચર્ચા છેડાયેલી છે અને આ મુદ્દો આનંદીબેન પટેલ સરકાર માટે મુશ્કેલરૂપ બનેલો છે.

મોહન ભાગવતે કહ્યું છે કે, આ સુવિધાની જરૂર કોને છે તેની ચકાસણી કરવા માટે એક રાજકીય કમિટીની રચના કરવામાં આવે તે અતિજરૂરી છે. આ રચના કરીને આ સંદર્ભમાં વધુ માહિતી મેળવી શકાય છે. મોહન ભાગવતે પોતાના સંગઠનના મુખપત્ર પંચજન્ય અને ઓર્ગેનાઈઝરને આપેલી મુલાકાતમાં ઘણા બધા સુચનો કર્યા છે. તેમણે કહ્યું છે કે, બંધારણમાં સામાજીક રીતે પછાત વર્ગ

● અનુસંધાન પાન-૭ પર

### ભાજપ સરકાર અનામત નિતી યથાવત રાખવા પ્રતિબદ્ધ છે : રવિશંકર પ્રસાદ

નવી દિલ્હી, તા. ૨૧

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મોહન ભાગવતના વિચારો સાથે ભાજપની કેન્દ્ર સરકાર સહમત નથી.દલિતો અને પછાતોને નિયત કરાયેલી અનામત યથાવત જ છે અને યથાવત જ રહેશે. જો કે મોડીસાંજે આર.એસ.એસ. દ્વારા પણ મોહન ભાગવતના નિવેદન અંગે સ્પષ્ટતા કરાઈ હતી અને જણાવાયું હતું કે, મોહન ભાગવતનો કહેવાનો ઈરાદો અનામત નિતી બદલવાનો નહોતો.

# સે-૨૬માં ગટરમાં ગુંગળાઈ જતા બેનાં મોત



### સફાઈ કામદાર કોઈ જ તકેદારી વગર ગટર સફાઈ કરવા ઉતર્યો ને હાથ છટકતા ગરકાવ થઈ ગયો : તેને બચાવવા કોન્ટ્રાકટરે હાથ લાંબો કર્યો ને તે પણ મોતને ભેટયો

ગાંધીનગર, તા. ૨૧

શહેરના સેકટર-૨૬ પાસે કેમ્બે રીસોર્ટથી હિલવુડ સ્કુલની વચ્ચે ઉભરાતી ગટરની સફાઈ કરવા આજે સવારે સફાઈ કામદારને કોઈ જ પ્રકારની તકેદારી રાખ્યા વિના કોન્ટ્રાકટરે ઉતાર્યો હતો. જે રસ્સી વડે ગટરમાં કામદાર ઉતરી રહ્યો હતો તે રસ્સીમાંથી હાથ છટકતા ગટરમાં ગરકાવ થઈ કામદારનું ગુંગળાઈ જવાથી મૃત્યુ થઈ ગયું હતું. તો બીજી તરફ કોન્ટ્રાકટરે તેને બચાવવા હાથ લંબાવ્યો અને તે પણ અંદર ગરકાવ

● અનુસંધાન પાન-૭ પર

## મૃતદેહ સ્વિકારવા પરિવારજનોનો ઈન્કાર

### ૧૧ લાખ વળતર, રહેવા માટે મકાન અને એક દિકરાને કાયમી નોકરી આપવાની માંગણી

ગટરમાં સફાઈ કરવા ઉતરતી વખતે સર્જાયેલા બનાવ બાદ મૃત્યુ પામેલા સફાઈ કામદારને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટ મોર્ટમ માટે મોકલી પોસ્ટ મોર્ટમ કરાવ્યું હતું. ત્યાર બાદ બપોરથી મોડી સાંજ સુધી

● અનુસંધાન પાન-૭ પર

# રાજયમાં અવિરત વરસાદ

### ગાંધીનગરમાં ઝરમર-ઝરમર વરસાદ : સૌરાષ્ટ્રના માંગરોળ-કોડીનાર ૭ ઈંચ : ગુજરાતના ૭૩ તાલુકામાં ઉલ્લેખનીય વરસાદ : આગામી ૩૬ કલાક દરમિયાન ભારે વરસાદની ચેતવણી




(તસવીર : દિપક જાની)

અમદાવાદ તા. ૨૧

ગાંધીનગર સહિત રાજ્યભરમાં સતત ત્રીજા દિવસે વરસાદની હેલી યથાવત રહી હતી. ગાંધીનગર શહેરમાં રવિવાર બપોરથી સોમવારની સાંજ સુધી ઝરમર - ઝરમર વરસાદ સતત વરસ્યો હતો. ભીંજાયેલું વાતાવરણ, કાદવ-કીચડ અને ભરાયેલા ખાબોચીયા ચોમાસાની આરંભિક સ્થિતિનો અનુભવ કરાવતા હતા. રોગચાળાનો ભય વધશે એમ આરોગ્ય વર્તુળો માને છે. જ્યારે આ વરસાદ જિલ્લા ગ્રામીણ વિસ્તાર માટે કાચા સોના તરીકે ગણાય છે.

છેલ્લા કેટલાક દિવસથી જારી ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદમાં કોઈ બ્રેકની સ્થિતી મુકાઈ નથી. સતત વરસાદી માહોલ બનેલો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં પણ ગુજરાતના જુદાજુદા ભાગોમાં ભારે વરસાદ થયો છે. હજુ પણ વરસાદ જારી રહેવાની આગાહી કરવામાં આવી હોવાથી સામાન્ય લોકોને કોઈ રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. રાજ્યના ૭૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્રમાં અવિરત વરસાદ થયો છે. કચ્છ જિલ્લાના માંડવીમાં ૫ ઈંચ વરસાદ થયો છે. જ્યારે રાજકોટના ધોરાજીમાં ૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કાલાવડમાં ૪ ઈંચથી વધુ, કલ્યાણપુરમાં ૪ ઈંચથી વધુ, રાણાવાવમાં ૪ ઈંચથી વધુ, માણાવદરમાં ૪ ઈંચથી વધુ, ગિરગઢડામાં ૪ ઈંચથી વધુ, ઉનામાં આશરે ૫ ઈંચ જેટલો વરસાદ થયો છે. એટલે કે કુલ ૭ તાલુકાઓમાં ૪ ઈંચથી વધુ વરસાદ થયો છે. જ્યારે કુતિયાણામાં ૩ ઈંચ, પોરબંદરમાં ૩ ઈંચ, વંથલીમાં ૩ ઈંચ, માંગરોળ-કોડીનારમાં ૭ ઈંચ, જાફરાબાદમાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આગામી ૩૬ કલાક દરમિયાન ભારે વરસાદની આગાહી કરાઈ છે. જેથી તમામ જિલ્લાને સ્ટેન્ડ ટુ રહેવા કહેવામાં આવ્યું છે.

ડિપ ડિપ્રેશન અને સૌરાષ્ટ્ર પર સર્જાયેલા લો પ્રેશરના કારણે છેલ્લા ચાર દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ હવે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વધારે વરસાદ થઈ રહ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પોરબંદરના વડાલા ખાતે ભારે વરસાદના કારણે અનેક મકાનો અને ધાર્મિક સ્થળો પાણીમાં ડુબી ગયા છે. જેના કારણે લોકોની મુશ્કેલી વધી ગઈ છે. બીજી બાજુ ઉના પંથકમાં આવેલા મંદિર ગુપ્ત પ્રયાગરાજ પણ ડુબી જતા ઉત્તેજના ફેલાઈ ગઈ છે.

## હાર્દિકના વર્તનના પગલે પત્રકાર પરિષદનો બહિષ્કાર

### પત્રકારો સ્થળ છોડી ચાલ્યા : ૧૧.૩૦ના બદલે ૧૨.૩૦ વાગ્યે પહોંચ્યો : વિવેક વગરના જવાબથી પત્રકારો નારાજ



અમદાવાદ, તા. ૨૧

આજે અમદાવાદ ખાતે પાટીદાર આંદોલન સમિતિના કનવીનર હાર્દિક પટેલે મીડિયા સામે અહંકાર અને ધમંડનું પ્રદર્શન કરતાં તેમજ પત્રકાર પરિષદમાં ખુબ જ મોડો પડતા અને ત્યારબાદ સારુ વર્તન નહીં કરતાં પત્રકારોન્એ તેની પ્રેસ કોન્ફરન્સનો બહિષ્કાર કરી દીધો હતો અને બધા સ્થળ છોડીને ચાલ્યા ગયા હતા. આજે સવારે ૧૧-૩૦ વાગ્યે અમદાવાદ શહેરના મેમનગર વિસ્તારમાં એક હોટેલ ખાતે હાર્દિક પટેલે પત્રકાર પરિષદ બોલાવી હતી.

પત્રકારો સમયસર સ્થળ પર પહોંચી ગયા હતા. પરંતુ ૧૧-૩૦ વાગ્યે પત્રકાર પરિષદ શરૂ કરવાના બદલે હાર્દિક પટેલે એક કલાક મોડો આવ્યો હતો. આ વર્તન સામે પત્રકારોએ તેને ટકોર કરી હતી કે, તમે આટલા મોડા આવો છો તો તે અમારારૂટીન કામમાં વિક્ષેપ પાડે છે, તમારે સમયસર આવવાની જરૂર હતી. હાર્દિક પટેલે આ ટકોરની સામે વિનય અને વિવેકપૂર્ણ જવાબ આપવાના બદલે એમ કહ્યું હતું કે, આ તો બધુ આ રીતે જ ચાલશે. આવો જવાબ સાંભળીને પત્રકારો ગુસ્સે થયા હતા અને મિડીયાના તમામ લોકો પત્રકાર પરિષદનું સ્થળ છોડીના ચાલ્યા ગયા હતા. ત્યારબાદ હાર્દિકના મિત્રો પત્રકારોને મનાવવા માટે બહાર આવ્યા હતા અને છેલ્લે હાર્દિક પોતે પણ બહાર આવ્યો હતો પરંતુ મીડીયાના કર્મીઓ ખુબ નારાજ થઈ ગયા હોવાથી ચાલ્યા ગયા હતા.

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હૉલ
નિરવતાનો રવ...

bansari
week-end home
Greens
વ્યામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

LED, LCD & Colour TV
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫ મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઘ-૩ સર્કલ ૨ વર્ષ બાદ ફરી ગાંધીનગરના આંગણે
ARAVALLI Art & Craft Festival - 2015
18-9-15 to 4-10-15
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ
TIME : 11 A.M. to 10 P.M.
હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી
રાજસ્થાની કાષ્ઠ શિલ્પ, પેન્ટીંગ, ગુજરાતી એમ્બ્રોયડરી, બેટ શીટ્સ, પડદા, કાશ્મીરી હસ્તકલા અને કપડા, કલકત્તાની સાડી, જ્વેલરી, કલકત્તાનું ટેકારોટા તથા કાપા કોટન ટોપ્સ
એન્ટ્રી પાર્કીંગ ફ્રી
ઘ-3 સર્કલ, સેક્ટર-૬ ગ્રાઉન્ડ, ગાંધીનગર